# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૬ તા.૦૧.૧૧.૨૦૧૭

--------------

# પદ્માવતી ફિલ્મના પ્રસારને અટકાવવા ચૂંટણી પંચમાં ભાજપાની રજૂઆત

--------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી આઇ.કે.જાડેજાએ આજરોજ પત્રકારોને જણાવ્યું હતુ કે, ગુજરાતમાં જ્યારે વિધાનસભાની ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે, પદ્માવતી ફિલ્મમાં ઇતિહાસને તોડી-મરોડીને અલ્લાઉદ્દીન ખીલજી સાથે જોડી રજુ કરવામાં આવેલી વિગતોને પરિણામે રાજપુત-ક્ષત્રિય સમાજની લાગણી દુભાઇ રહી છે તેવી સમાજની અમારાં સૌ ભાજપાના આગેવાનો શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી જયદ્રથસિંહ પરમાર, શ્રી કીરીટસિંહ રાણા, શ્રી બળવંતસિંહ રાજપુત સમક્ષ રજુઆત આવી હતી.

ભાજપાના અમે સૌ આગેવાનોએ ભાજપાના મોવડીઓને રજૂઆત કરી હતી. ભાજપાના ચૂંટણી આચાર સંહિતા ઇન્ચાર્જ તરફથી ઇલેક્શન કમિશનને આ અંગે રજુઆત પત્ર પાઠવીને કરવામાં આવી છે.

ભાજપા તરફથી પદ્માવતી ફિલ્મના પ્રસારણ અગાઉ ફિલ્મ સેન્સર બોર્ડમાં ઇતિહાસને ખોટી રીતે રજુ કરાયેલ હોય તો તેની ચકાસણી કરી આગળની કાર્યવાહી પ્રસારણ અંગે હાથ ધરવા અંગે લોકશાહીના પવિત્ર પર્વને શાંતિપૂર્ણ ઉજવાય તેવો માહોલ બનાવવા મદદરૂપ થવા માંગણી કરી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ